


## સલામી સવારની..

*વહાલા થવાની સ્પર્ધામાં ન્યાય તો તોલતા નથી!*
*શબ્દો દિલાસાના કે દ્વાર દિલનાં ખોલતા નથી!*
*જોડતા નથી સંબંધો લાગણીના તાંતણે પણ -*
*નિવેદનીયા આ નેતાઓ બાફે છે, બોલતા નથી!*
*(સૈનિક આત્મહત્યા પર ટિપ્પણીઓ)*

હાઈકુ

*ધીમા ન્યાય નો -*
*શોધી કાઢ્યો વિકલ્પ?!*
*એનકૌંટર?!*

*સાધુ-સંતો ને*
*મંદિર-મસ્જિદમાં*
*ઢુંઢું મૈં ખૂશી!!*

## ચિંતન

### પરધનાનિ નિક્ષેપ્તુઃ કેવલં સ્વાર્થમ્

પારકી અમાનત પ્રત્યે ભેદભાવ રાખનાર સ્વાર્થી છે. ઉપરોક્ત શ્લોક ચાણક્યમાંથી લેવામાં આવેલ છે. પારકી અમાનતને, પરધનની રક્ષા પણ પોતાના ધનની જેમ કરવી જોઈએ. એમ ન કરનાર એની સુરક્ષા પ્રત્યે દુર્લક્ષ સેવનાર વ્યક્તિ સ્વાર્થી હોય છે. આજ રીતે શાસન ચલાવતા મંત્રીઓ અને અધિકારીઓએ, પોતાને સોંપાયેલ કાર્ય અને જવાબદારીઓ પ્રજાની અમાનત માનવી જોઈએ, અને તેને પૂર્ણ કરવા સંપૂર્ણ પ્રામાણિકતા અને નિષ્ઠાથી પ્રયત્નો કરવા જોઈએ. આ જવાબદારીઓ પ્રત્યે લાપરવાહ રહી, એને અદા કરવામાં તેઓ ઊણા ઉતરે તો તેઓ સ્વાર્થી મનોવૃત્તિના છે.

નેતાશ્રીઓ પ્રજાના પ્રતિનિધિ છે. ચૂંટણી દ્વારા-લોકમત દ્વારા ચૂંટાઈને એ 'સરકાર' બને છે. 'સરકારી તિજોરી' આમ જુઓ તો પ્રજાની જ છે. પ્રજાના ધનની સુરક્ષા અને સુવ્યવસ્થા માટે આ નેતાઓની 'જવાબદારી' છે, પણ આ લોકો તો 'બાપુકી' મિલ્કત સમજી ખાયકી-કૌભાંડો દ્વારા 'તિજોરી' ખાલી કરવા બેઠા છે.

## સુવિચાર

- આચાર વિહોણો વિચાર ગમે તેટલો આકર્ષક હોય તો પણ તેને ખોટા મોતી જેવો ગણવો જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- સળગતા રહે છે એ જ પ્રકાશ આપે છે, બાકી બળતરા કરવાવાળા તો ધૂમાડા જ કાઢે છે - **અક્ષય અંતાણી**
- હું ન બોલું તોયે તું સાંભળે માટે જ તારું નામ 'ઈશ્વર', અને તું ન બોલે તોય મને સંભળાય એનું નામ 'શ્રદ્ધા' - **રાજુ કોટક**
- જેની ભાષામાં સભ્યતા હોય, તેના જીવનમાં ભવ્યતા હોય - **અખંડ આનંદ**
- પોતાની અજ્ઞાનતાનો અનુભવ એ જ બુદ્ધિમતાના મંદિરનું પ્રથમ સોપાન છે - **અમૃતબિંદુ**
- કોઈના પતન પર કયારેય હસવું નહિ, જીવનના તમામ માર્ગો લપસણા હોય છે - **રશિયન કહેવત**
- પ્રતિષ્ઠા એટલે નબળાઈઓને ઢાંકી દેવા વપરાતો નકાબ - **હંસલ ભચેચ**
- આજનું ઔષધ : ગાયનું ઘી માથામાં ચોળી બે કલાક બાદ વાળ ધોવાથી વાળ મુલાયમ, ચમકદાર અને કાળા થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

માણસ માદું પડે પડે ત્યારે જણ જણ જોવા આવે ને પોતે સાંભળેલા એ રોગના ઉપચાર-નૂસખા-તબીબોની સલાહ આપે - મારા જેવા માને પણ, પછી દુઃખી થાય.

એક વાંદરાને પગે ઘાવ થયો. લોહી નિકળ્યું. એક વાંદરો આવ્યો લાગણીથી. પાણીથી ઘાવ ધોઈ દીધો. (પાણીથી તો પાકે!)

બીજો આવ્યો - વનસ્પતિના પાન બાંધી ગયો. ત્રીજો આવ્યો - પગમાં કઈ ભરાયું હશે ને પાટો બાંધી નાખ્યો? વધારે પાકશે તો પગ કપાવવો પડશે! લાવ હું જોઈ દઉં અંદર કઈ રહી તો નથી ગયું ને? વાંદરાએ આખો ઘાવ ખોતરી ઊંડો કરી નાખ્યો. વાંદરો પીડામાં ચીખતો રહ્યો.

ચોથો આવ્યો - કહ્યું, ગેંગરીંગ આગળ વધે એના પહેલા પગ કપાઈ આવ!!

(બાયપાસ કરાવે ચાર મહિના થયા - પગનો ટાંકો પાક્યો - મારો સ્વભાવ પણ પહેલા ઘવાયેલા વાંદરા જેવો - બધાની સલાહ માનતાં હજી પીડાનું પોટલું બાંધી જ રાખ્યું છે.)

# સૂર્યષષ્ઠી અને જલારામ જયંતી

ગુજરાતમાં લક્ષ્મીપૂજાનો મહિમા છે એટલો જ બિહાર અને પૂર્વ ભારતમાં સૂર્ય અને સરસ્વતીપૂજનનો મહિમા છે. સરસ્વતી પૂજા વસંત પંચમીના દિવસે ઉજવાય છે. લગભગ એકાદ પખવાડિયા લગી આ ઉત્સવ ચાલ્યા કરે છે. પરંતુ 'છઠ પૂજા'નો ઉત્સવ એ આ પંથકનો સૌથી મોટો ઉત્સવ છે. સૂર્ય ષષ્ટી કે કારતક સુદ છઠની સાંજે લોકો જળમાં ઊભા રહી આથમતા સૂર્યને અર્ઘ્ય આપે છે. સૂર્યને આ રીતે પૂજવાની પરંપરા એટલી દઢીભૂત છે કે બિહાર-પૂર્વાંચલનો કોઈ પણ પરિવાર વતનથી સેંકડો - હજારો માઈલ દૂર રહેતો હશે તો પણ એ આ કર્મકાંડ ચૂકતો નથી. ચાર દિવસ ચાલતા આ પ્રકૃતિપર્વમાં ઉપવાસનું એટલું જ મહત્ત્વ છે. વ્રતધારીઓ છેલ્લે 'છઠી માતા'ને પૂજી સૂર્યદેવને અર્ધ્ય અર્પણ કરે છે અને ઉપવાસ છોડે છે. વળતે દિવસે સવારે સૂર્યસપ્તમી ઊજવાય છે, જયારે લોકો ઊગતા સૂર્યને અર્ધ્ય આપી છઠપૂજાનું સમાપન કરે છે. આપણે ત્યાં જે મહત્ત્વ નવરાત્રીનું છે તે પૂર્વાંચલમાં છઠપૂજાનું છે. દૂરસુદૂર વસી ગયેલા પૂર્વાંચલવાસીઓને વતનમાં છઠપૂજા માટે લાવવા લઈ જવા સ્પેશિયલ ટ્રેનો દોડાવવી પડે છે. છઠપૂજાને રાષ્ટ્રીય તહેવાર જાહેર કરાવવા વિવિધ રાજકીય પક્ષો અને મહાનુભાવો રજૂઆત કરતા રહ્યા છે. આમ જુઓ તો આ શુદ્ધ પ્રાકૃતિક પર્વ છે, પણ એને ધર્મનું લેબલ લાગેલ હોઈ એનો બિનસાંપ્રદાયિક દેશમાં રાષ્ટ્રીય પર્વનો દરજ્જો નથી આપી શકાયો. જો કે એથી શ્રદ્ધાળુઓને કસો જ ફરક નથી પડતો. સ્વાતંત્ર્ય પર્વ, પ્રજાસત્તાક દિવસ અને ગાંધી જયંતી કરતાં છઠ પૂજા, દીપોત્સવી કે હોળી જેવા કહેવાતા 'ધાર્મિક' તહવારો વધુ લોકપ્રિય રહ્યા છે અને રહેશે. આખરે એ લોકોત્સવો છે. છઠપૂજાના નામે કેટલીકવાર રાજકારણ પણ ખેલાયું છે. સવિશેષ મુંબઈ જેવા મહાનગરમાં વસતા પૂર્વાંચલ વાસીઓને અને એમના ચાલુ યાદવ જેવા નેતાઓને છઠ પૂજા નહીં ઊજવવા દેવાના દેકારા-પડકારા મનસે જેવા પ્રાદેશિક પક્ષો તરફથી થતા રહ્યા છે. લાભપાંચમ પછી આવતી છઠપૂજા ગુજરાત માટે

**તંત્રીસ્થાનેથી...**

અજાણી ચીદ છે. પરંતુ કારતક સુદ સાતમના દિવસે આપણે વીરપુરના સંત જલારામની જયંતી વિશે અજાણ નથી. જલારામ બાપાએ એમના જીવનકાળ દરમિયાન 'ટુકડો ત્યાં હરિ ઢૂકડો' નો સિદ્ધાંત અપનાવ્ય હતો, જે એમના લાયક વંશજોએ વર્ષો પછી આજે પણ ચાલુ રાખેલ છે. છેલ્લાં ઘણા વર્ષોથી જલારામની જગ્યામાં કોઈ પ્રકારનું દાન સ્વીકારાતું નથી, છતાં બાપાની કૃપાથી અન્નક્ષેત્ર નિરંતર ચાલ્યા કરે છે? રઘુવંશી લોહાણા સમાજના આ ચમત્કારી સંત કાઠિયાવાડના લેઉઆ પાટીદાર સંત કવિ ભોજા ભગતના શિષ્ય હતા. કહેવાય છે કે એકવાર ભગવાને જાતે પધારીને એમની આકરી કસોટી કરી હતી. જલારામ એ કસોટીમાંથી પાર ઊતર્યા હતા, આજે પણ એ ચમત્કારી પરચાના પુરાવા જેવી ઝોળી અને લાકડી વીરપુરની જગ્યામાં જોઈ શકાય છે. જલારામ બાપાએ એમની મૂક સેવાથી સાબિત કર્યું કે કયારેક ગુરુ પણ શિષ્યના નામે ઓળખાઈ ગૌરવ અનુભવી શકે. ભોજા ભગત કરતાં જલારામનું નામ ઘણું મોટું થઈ ગયું છે અને હવે તો દેશવિદેશમાં જલારામ મંદિરો સ્થપાઈ ચૂક્યાં છે.

# કૂતરા પૂંછડી હલાવે એટલે કે પટપટાવે તો પ્રસન્નતાનો, લાડ કે પ્રેમ વ્યક્ત કરે છે તેવું સમજી શકાય છે




**(ગતાંકથી આગળ)**

હવામાં ઉડતાં પક્ષીઓની વાત કરીએ તો પૂંછડી પક્ષીઓનું એક મહત્વનું અંગ કહી શકાય. પૂછડીની લંબાઈ, જાડાઈ તથા તેના છેડાના ભાગનો આખાર તેની ઉપાયોગીતા અગત્યનો ભાગ ભજવે છે. ચોરસ, ખાંચાવાળો, ગોળષ બે ગોલાઈ, અર્ધગોળાઈ, અણીદાર, વધુ ખાંચાવાળો આકાર પક્ષીઓની પૂંછડીઓમાં જોવા મળે છે. સમડીની ખાંચાવાળી તો ગરૂડ, ગીધ જેવા પક્ષીઓની પૂંછડી ગોળાઈ ધરાવતી હોય છે. આવા પક્ષીઓ ઊંચી ઊંડાણમાં કુશળ હોય છે. ઉડતી વખતે ના ડાબી-જમણી કે ઉપર-નીચેના વળાંકો કે સ્થિરતા-સંતુલન જાળવવામાં પૂંછડી મહત્ત્વનો ભાગ ભજવે છે.



પાણીના પક્ષીઓની પૂંછડી પ્રમાણમાં ટૂંકી હોય છે. વુડપેકર (લક્કડખોદ) વૃક્ષના થડ પર પૂંછડીથી ટેકો મેળવે છે.

જમીની સસ્તન પ્રાણીઓમાં ગાય, ભેંસ, ઘોડા, ગધેડા જેવા પ્રાણીઓની લાંબી પૂંછડી વાળથી આચ્છાદિત હોય છે. આવી પૂંછડી શરીર પરના માંખી, ચાંચડ, ઈતડી કે અન્ય હેરાન કરતાં કીટકોને દૂર કરવામાં ઉપયોગી બને છે અને તેમના ગુદા તથા યોની જેવા અંગોને આવરણ પુરું પાડીને રક્ષણ કરે છે. મૃગ અને હરણની જાતિઓમાં ગુપ્તાંગોના આવરણ ઉપરાંત પૂંછડી દ્વારા ભય, પ્રભુત્વ, ખુશી જેવા સંદેશાઓનું આંતરિક સ્વજાતીય વહન કરવામાં ભાગ ભજવે છે.

સરિસૃપોમાં દેડકાઓમાં પુખ્ત અવસ્થામાં પૂંછડી હોતી નથી. પરંતુ રૂપાંતરણ સ્તરે ટેડપોલ હોય ત્યારે પૂંછડી જોવા મળે છે. તેજ રીતે કાચબાઓની પૂંછડી ખુબ જ ટૂંકી હોય છે. જયારે ગરોળીઓ, સાંઢા, બોડી બામણી, ઘો વગેરેમાં લાંબી અણીદાર પૂંછડી ચરબી સંગ્રહ કરવા ઉપરાંત વિવિધ કાર્યોમાં મદદરુપ બને છે. દરિયાઈ સાપને તરવામાં હલેસાંની જેમ મદદરુપ બને તેવી ચપટી પૂંછડી હોય છે. જે નેવીગેશન માટે પણ મદદરુપ બને છે. જયારે વૃક્ષો પર રહેતાં - ફરતાં સાપોની પૂંછડી લાંબી અણીદાર છેડાવાળી હોય છે. જે વૃક્ષો કે ઝાડીમાં એકબીજા ભાગમાં જવા માટે પુલ કે ટેકાની જેમ મદદરુપ બને છે. જમીનમાં રહેતાં ભંફોળી, વાયપર, આંધળી ચાકરણ, કુટુંબનાં સાપોની પૂંછડી તદ્દન ટુંકી અને બુઠ્ઠી જેવી હોય છે. આંધળી ચાકરણમાં તો પૂંછડી કઈ અને મોઢાનો ભાગ કયો તે ઓળખવું કઠીન થઈ જાય છે.

માનવોની સાથે જ રહેતું વફાદાર પ્રાણી એવું કૂતરો પૂંછડી દ્વારા ખુબ જ વિવિધ પ્રકારના સંદેશાઓ/ભાવો પ્રદર્શિત કરે છે. કૂતરા પૂંછડી હલાવે એટલે કે પટપટાવે તો પ્રસન્નાનો, લાડ કે પ્રેમ વ્યક્ત કરે છે. તેવું સમજી શકાય છે. બે કૂતરાં લડતાં હોય ત્યારે એક કૂતરો પૂંછડી ઊંચી અને ટટ્ટાર રાખીને તેવું પ્રભુત્વ અને તે ડરતો નથી તેવું પ્રદર્શિત કરે છે. ગભરાયેલ, ડરેલ કે શરણાગતિ સ્વીકારેલ કૂતરું તેના બે પગ વચ્ચે પૂંછડી નાંખી દે છે અને સંદેશો પાઠવે છે. કૂતરું ડાબી તરફ પૂંછડી હલાવે ત્યારે ડાબું મગજ સક્રિય છે તેમ કહેવાય છે. જમણી તરફની હલતી પૂંછડી હકારાત્મક કે તણાવ રહિત સ્થિતિ કે તણાવગ્રસ્ત સ્થિતિ દર્શાવે છે. ચાલતી વખતે કંઈક શોધતું હોય ત્યારે કૂતરાની પૂંછડી જમીન સમાંતર સ્થિતિમાં રહે છે. જંગલી કૂતરા, શિયાળ, લોંકડી, વરુ કૂતરાના કુટુંબના જ પ્રાણીઓ છે તેમાં પણ આજ પ્રકારની હકીકત જોવા મળે છે. રુવાદાર પૂંછડી આવા પ્રાણીઓને ઠંડીની ઋતુમાં સુતી વખતે હુંફ / ગરમાવો પણ પુરો પાડે છે.

આમ સૃષ્ટિમાં વિવિધ પ્રકારના જીવો ઉત્ક્રાંતિ અને અનુકૂલનના પરિણામ સ્વરુપે તેમના અંગો વિકસાવે છે. તે પણ એક આશ્ચર્ય અને રસપ્રદ હકીકત છે.

# હાસ્યકાર જગદીશ ત્રિવેદીના શ્રેષ્ઠ હાસ્ય નિબંધોની હાસ્યયાત્રા-૧



'હાસ્ય' શબ્દ સંસ્કૃત 'હસ' ધાતુના નિરુપ્તના આધાર રૂપ 'હાસ'ને ભૂતકૃદન્ત અથવા વિશેષણ વાચક પ્રત્યય 'ય' લાગતા બન્યો છે. આપણે ત્યાં પણ પાશ્ચાત્યની જેમ હાસ્યરસ વિશે ઘણી વિચારણા થઈ છે. એમાં મુખ્યત્વે હાસ્ય 'બુદ્ધિનો વ્યાપાર' માનવાવાળા પાશ્ચાત્ય વિદ્વાનો સામે આપણા રમણભાઈ નીલકંઠ, જયોતીન્દ્ર દવે અને વિનોદ ભટ્ટ હાસ્યને લાગણીનો વ્યાપાર પણ માને છે પરંતુ હાસ્ય એ વિચાર વ્યાપાર પણ છે એમાં વિચારોની ઉત્તેજના અને સમૃદ્ધતા પણ હોવી ઘટે, તો જ હાસ્યરક એની ઉત્કટતા દર્શાવી શકે છે.

અહીં આ પુસ્તકમાં જગદીશ ત્રિવેદીના શ્રેષ્ઠ હાસ્ય નિબંધો સંગ્રહિત કરવામાં આવ્યા છે સર્જક મૂળે રંગમંચ સાથે સંકળાયેલા છે એટલે કે વિવિધ પ્રકારના પાત્રોને સમજીને રંગમંચ ઉપર હૂબહૂ પ્રસ્તુત કરી શકે છે. નાટ્ય અભિનેતા અને નાટ્યલેખક તરીકે પણ તેઓ સફળ છે પરંતુ અહીં તેમનું વ્યક્તિત્વ હાસ્યકાર તરીકે રજૂ થયું છે હાસ્ય કલાકાર તરીકે જગદીશ ત્રિવેદી આજે ઘેર ઘેર જાણીતા થયા છે. દેશ વિદેશમાં અનેક શો કરી ચૂકેલા આ સર્જકે અનેક ઘરોમાં હાસ્યના ઝૂમ્મરો બાંધ્યા છે. જગદીશ ત્રિવેદી હાસ્યલેખક કરતાં હાસ્ય કલાકાર તરીકે વધુ પ્રખ્યાત છે અને એ કારણે જ એમના હાસ્ય સર્જનની લેવાવી જોઈએ એટલી નોંધ લેવામાં આવી નથી.

આ હાસ્યને કારણે તેઓ દેશવિદેશમાં માન-સન્માન પણ પામ્યા છે પરંતુ આમ છતાંય તેઓ પોતાનો સંઘર્ષ કાળ ભૂલ્યા નથી જયારે પોતાની પાસે પોતાની એક સાયકલ પણ નહોતી... તે સમયને યાદ કરીને પહેલી ગાડી 'ફીયાટ' લીધી એની વાત પણ સર્જક એટલી જ ધારદાર રીતે કરે છે. 'ફીયાટથી લીમોઝન' હાસ્ય નિબંધમાં પૂજ્ય મોરારિ બાપુ સાથેના સંસ્મરણો અને પ્રવાસ વર્ણનની ઝલક સાથે પોતે ખરીદેલી જિંદગીની પ્રથમ ગાડીની યાત્રા પણ હાસ્યરસથી ભરી દે છે. ભાષા અને ભાવની પ્રવાહિતા અનુભવી શકાય છે. આ હાસ્ય નિબંધમાં એક નોંધ લેવી ઘટે કે આપણે સામાન્ય રીતે એવું માનીએ છીએ કે વાર્તા કે નવલકથામાં જ કથાગૂંથણીનું તત્ત્વ હોય છે અને હાસ્યનિબંધોમાં છૂટાછવાયા પ્રસંગો કે જોક્સ કહેવાથી ચાલી જાય છે પરંતુ આ નિબંધ વાંચતા આપણી એ માન્યતા પણ દૂર થઈ જાય છે આ કથાગૂંથણી હાસ્યનિબંધોમાં પણ મહત્ત્વનું કાર્ય કરે છે ભાવકોનો હાસ્યરસ એક પ્રવાહમાં વહેતો રાખે છે એ આ નિબંધમાં સ્પષ્ટ જોઈ શકાય છે. તો વળી 'સપ્તાહ કરો ને હપ્તા ભરો' માં પારિવારિક પ્રસંગો - ઘટનાઓને એની ગરિમા જાળવીને શિષ્ટભાષામાં ચિત્રાત્મકરૂપે રજૂ કર્યા છે. પરિવારમાં એક ભાગવત સપ્તાહ સંદર્ભે દૂરના એક સગા દીનુકાકાનું એક સપ્તાહ પહેલાં થતું આગમન અને હળવા હાસ્યની લહેરખીઓ મનને ભરી દે છે. માત્ર જોક્સ સાંભળી-વાંચીને હસવાવાળા ભાવકોને આ નિબંધ કદાચ ના હસાવે પણ અહીં મર્માળું હાસ્ય ઘટનાઓના ગર્ભમાં છૂપાયેલું છે.

'ગરીબના નસીબનો વાંક છે'માં પણ સિવિલ હોસ્પિટલમાં એક દર્દીની સારવાર સંદર્ભે થતી ડૉકટરની બેદરકારી અને એમાંથી ઊઠતી લેખકના હૃદયની પીડા ભારે વ્યંગાત્મક ભાષામાં પ્રગટે છે. 'ઘરડાને બદલે વૃદ્ધ બનો'માં 'વૃદ્ધ અને ઘરડા' વ્યક્તિની રોજનીશીને હળવી શૈલીમાં રજૂ કરી હાસ્યની સાથે ગંભીરતા અને કરુણતા પણ વ્યક્ત કરી દીધી છે. મોટી ઉંમરે પોતાનો સ્વભાવ નહીં બદલી શકતા ઘરડા લોકોની સ્થિતિ કેવી થાય છે એનો ચિતાર સર્જક અહીં આપે છે.' 'વિજય વિશ્વ તિરંગા પ્યારા'માં ક્રિકેટ વિશેનો કટાક્ષ છે તો 'ધોળ એટલે શું' માં લક્ષ્મીદેવીના રૂદન દ્વારા પ્રગટતી તેમની વેદનામાંથી હાસ્ય પ્રગટ થાય છે અને ધન સગ્રહ કરનાર પ્રત્યે વ્યંગ્ય પ્રગટે છે. 'પારકુ ભોજન બહું ભાવે' માં વધારે ભોજન આરોગી જવાથી થતી અંબાલાલની સ્થિતિ અને પછી બીજાની સલાહ માની જાત જાતના નૂસખાઓ કરતાં - કરતાં વધુ બગડેલી સ્થિતિનું ચિત્રાત્મક અને નિર્મળ હાસ્ય પ્રગટ થાય છે. અન્ય સમકાલીન હાસ્યસર્જકોની જેમ જગદીશ ત્રિવેદી પણ પોતાના હાસ્યનિબંધોમાં એક પાત્ર લઈને આવે છે. 'અંબાલાલ' આ પાત્ર સર્જકનું માનસપાત્ર છે જેના દ્વારા તેઓ હાસ્યની તમામ યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવીને ભાવકોની આંતર ચેતનામાં પ્રવેશીને હાસ્યના ગર્ભ સુધી પહોંચી શકે છે 'એસેમ્બલ ગાંધીજી' નિબંધમાં માણસના પાંચ અંગો ફોલ્ડિંગ હોત તો? એ પ્રશ્નનો જવાબ મેળવવા માટે થતાં વિચારોમાં સર્જક હાસ્યની મૌલિકતા લઈને આવે છે અને આખી ઘટના હળવી શૈલીમાં વ્યક્ત કરે છે. તો વળી 'અહિંસાના પૂજારીની ઓથમાં' લેખકે ગાંધીજીનું સપનામાં આવવું અને તેમાંથી સર્જાતા કટાક્ષો, વ્યંગ્યો આપણી સામાજિક, વૈચારિક અને રાજનીતિક વ્યવસ્થાની પોલ ખુલ્લી કરે છે. 'કાન, કયાં રમી આવ્યા?' માં કાન કપાઈ જવાથી ડૉકટર દ્વારા બીજો કાન ફીટ કરી દેવાની રમુજી વાતની શૈલી અને ભાષાથી હાસ્ય તો ઉત્પન્ન થાય છે પણ આ નિબંધનો અંત પણ સ્ત્રીના કાનની લાક્ષણિકતા રજૂ કરીને ચોટદાર અને વાસ્તવિક વ્યંગ્ય કરી જાય છે અને ભાવકોના કાન વિંધિ નાખે છે.





સર્જક જગદીશ ત્રિવેદીની નિરીક્ષણ શક્તિ સૂક્ષ્મ છે એ વાતનો ખ્યાલ આપણને એમના આ નિબંધો અને તેના વિષયો ઉપરથી આવી જાય છે. જીવનની નાની નાની દુઃખદ ઘટનાઓને હળવાશથી લેવાની વૃત્તિ અને સતત કંઈક સારું શોધવાની ટેવ સર્જકને હાસ્ય નિષ્પન્ન કરવામાં ઉપયોગી બને છે. 'અંગોનું અહિંસક આંદોલન' માં સર્જક શરીરના અંગોની ઈશ્વર પાસે કરાતી ફરિયાદ અને એમાંથી પ્રગટતો 'માણસ' પ્રત્યેનો ધારદાર વ્યંગ્ય માણસજાત સામે કેટલાક પાયાના પ્રશ્નો ખડા કરી દે છે. તો વળી 'માણસ મોટો કે મધુકર?' માં પણ કમળમાં પુરાયેલો ભમરો અને એની પત્ની ભમરીના સંવાદોમાંથી પ્રગટેલી માનવોચિત ભાવના - સંવેદના વ્યગ્ય પળ રમૂજ ટૂંકા અને નિબંધને રમ્ય બનાવે છે. માણસજાતની વાત કરવામાં સર્જક પોતાની જાતને પણ છોડતો નથી. 'સાક્ષરને નિરક્ષરનો સવાલ' હાસ્ય નિબંધમાં સાવ નાની વાતમાં સુંદર સમજ લઈને આવે છે. વહોરાજીની લોકબોલી અને ન્યૂટને કરેલી ભૂલની વાત કરીને અંતે એક અભણ દ્વારા લેખકને કરાતો પ્રશ્ન 'પહેલા મને ઈ કયો કે તમે ન્યૂટન જેવું લખો છો ખરા?' ખૂદ લેખકને હચમચાવી જાય છે. તો વળી 'ભૂદેવની ભોજનશાળા'માં બ્રાહ્મણોની જગજાહેર ભોજનપ્રીતિની વાત 'તારો ઘોડો મારો હાથી' ટૂંકા નિબંધમાં ચેસ સંદર્ભે પોતાની અજ્ઞાનતાનું પ્રગટીકરણ એકદમ હળવી રીતે રજૂ થાય છે. જયારે 'કૂતરી અને ગલુડિયાનો સંવાદ'માં પરિષદના પટાંગણમાં યોજાયેલા સાહિત્યિક સમારોહ સંદર્ભે માતૃભાષા પ્રત્યે તીવ્ર કટાક્ષો કૂતરી અને ગલુડિયાના કલ્પનો દ્વારા પ્રયોજીને સર્જકે નવીનતા આણી છે. 'સંસ્કૃતિ, પ્રકૃતિ અને વિકૃતિ' માં આપણી લગ્ન વ્યવસ્થા અને પારિવારિક વ્યવસ્થા નથી છતાંય તેઓ પોતાની નાત-જાત સિવાય કયાંક શારીરિત સંબંધો બાંધતા નથી જયારે આપણી એક માનવ જાતિ જ એવી છે કે જેમાં લગ્ન વ્યવસ્થા હોવા છતાંય પતિ-પત્નીના સંબંધોમાં એકરુપતા આવતી નથી. અને આ જ વાતને વધુ સરળતાથી સમજાવવા પોતાના જ દાંપત્યની - પત્નીની વાત 'નીતા મારે માટે સીતા છે'માં કરે છે. આ નિબંધમાં સર્જકે પોતાની જીવનના કડવા સત્યની કબૂલાત કરીને પત્નીના પત્નીત્વની સાચી પ્રશંસા કરી છે. કેમ કે લગ્નના પ્રારંભિક જીવનની પોતાની કુટેવો, વ્યસનો અને સ્વભાવને કારણે પત્નીને આપેલા દુઃખની સાચા મનની કબૂલાત અને એવા સમયે પત્ની નીતાએ સાચી ભારતીય પત્ની બનીને પોતાના ભટ્ટ કુટુંબની સંસ્કારિતાનું ગૌરવ જાળવીને પતિ જગદીશને ધીરજથી, પ્રેમથી અને સદ્ભાવથી સાચવીને વ્યક્તિગતથી સમષ્ટિગત સુધીની યાત્રા કરાવે છે. જેનું ઋણ સર્જક આ નિબંધમાં ગંભીરતાથી સ્વિકારે છે.

(વધુ આવતાં અંકે...)

# NOW SHOWING : અરનબ... અખિલેશ... ઓઆરઓપી... એનકાઉન્ટર...!

જો તમે તમારા બોસની પોલિસીથી વિરુદ્ધ કામ કરતા થાવ તો શું થાય ? બીજું થવાનું શું પણ તમને બોસ ગડગડિયું ચોક્કસ આપી જ દે. અરનબ ગોસ્વામીના કેસમાં આવું જ એક કારણ પણ સામેલ છે. કહેવાય છે કે એક બાજુ અરનબ એના પ્રખ્યાત શો 'ન્યુઝ અવર' માં પાકિસ્તાની કલાકારોની બોલીવુડમાં કામ ના કરવા દેવા ડીબેટ કરી રહ્યો હતો જયારે એનો બોસ અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રુપનો એમડી વિનીત જૈન પાકિસ્તાની કલાકારોને કામ કરવા દેવાના પક્ષમાં ટ્વીટ કરી રહ્યો હતો. આવા જ સમયે ન્યુઝઅવરની એક ડીબેટમાં કોઈએ અરનબને આ સવાલ પૂછ્યો પણ ખરો પણ અરનબ જેનું નામ... એણે રોકડું જ પરખાવી દીધું અને એ પણ લાઈવ કે 'હું મારો મત રજુ કરું છું અને મારે કોઈ બીજાના મતને અનુસરવાની જરૂર નથી, કેમકે હું અરનબ છું, અરનબ ગોસ્વામી..!' ભારતીય ટીવી ન્યુઝ ચેનલના રાફડાફાડ ઓવરડોઝમાં અરનબ અને ટાઈમ્સ નાઉ એ બંનેએ એક નવો જ ઈતિહાસ રચ્યો છે એમાં નાં નહિ. કહેવાય છે કે વર્ષના લગભગ ૨ કરોડ જેવો હાઈએસ્ટ પગાર મેળવતા અર્નબે ટાઈમ્સ નાઉમાંથી અચાનક જ આપી દીધેલા રાજીનામાં પછી ચેનલને શું ફેર પડશે એની સમીક્ષા થઈ રહી છે અને શરૂઆતી રુઝાન સારા તો નથી જ!

અરનબ સદાય યાદ રહેશે એની બેબાક એન્કરીંગ કરવાની સ્ટાઈલને લીધે. નો ડાઉટ અરનબ અને એને લીધે ટાઈમ્સ નાઉ અનેકો વાર વિવાદોમાં ઘસડાઈ ચુક્યા છે પણ એ ના ભુલાઈ કે અરનબના શો ને લીધે જ ટાઈમ્સ નાઉ નંબર વન ન્યુઝ ચેનલ બની શકી છે. કહે છે ને કે સફળતાના સો શત્રુ હોય છે અને સફળતા પચાવવી અઘરી પણ એટલી જ છે. અરનબનો કિસ્સો આ બંને બાબતોના બરાબર સમાવેશવાળો છે એમાં ના નહિ. અર્નબે અનેકો એવા સંવેદનશીલ મુદ્દાઓ એની પ્રાઈમ ટાઈમ ડીબેટમાં ઉઠાવ્યા અને એવા એવા સ્પીકરને શો માં નિમંત્ર્યા કે લીટરલી મજા પડી જાય. આ લેખક સહીત દેશના અનેકો ટીવી વ્યુંવર રાત્રે ૯થી અચૂક ટાઈમ્સ નાઉ પર ડોકિયું કરી જ લેતા. એક થી બે કલાક લાંબો ચાલતો આ શો જુદી જુદી ઘટનાઓને બરાબર મુલ્વતો. ભલે એમ કહેવાય કે અરનબ એના શો નો એજેન્ડા સેટ કરીને જ બેસતો અને એ એજન્ડાથી બહાર બોલનાર સ્પીકરને બુરી વલે કરતો કે સાંભળતો જ નહિ પણ સાથે સાથે એ પણ હકીકત છે કે ટીવી એન્કરીંગને અર્નબે એક નવું જ પરિમાણ આપ્યું છે. ચિલ્લાતો, ગુસ્સે થઈ જતો,કઠીનમાં કઠીન સવાલ આસાનીથી પૂછતો અરનબ જોવો એક લહાવો તો હતો જ. જો કે 'હતો જ 'એમ કહેવું બહુ જલ્દી' છે 'એમ કહી શકાશે કેમકે અરનબ ટીવી ઈન્ડસ્ટ્રી છોડીને ક્યાય જવાનો નથી જ એટલે બહુ જલ્દી જ એ પોતાની ચેનલ કે પછી કોઈ બીજી ચેનલ સાથે જોડાઈને નવા નામે ન્યુઝ અવરમાં 'નેશન વોન્ટસ ટુ કનો' કરતો જોવા મળશે જ...!




ખેર અરનબને તો ખુદની કે પછી બીજી કોઈ ચેનલ મળી જ જશે પણ મુશ્કેલીમાં અત્યારે તો અખિલેશ છે, એ બાપડો તો કોઈ નવી ચેનલ – આઈ મીન પાર્ટી શોધી કે બનાવી શકે એમ છે પણ નહિ. માલુમ કયું ? ક્યુકી બાપાએ બનાવેલી સમાજવાદી પાર્ટીને જ એ પોતાનો ઈજારો સમજે છે અને એ જ હવે તો એની દાલ-રોટી છે. યુપીની ચૂંટણી હવે કાઈ ખાસ દુર છે નહિ અને સમાજવાદી પાર્ટીમાં ચાલતા બખડજંતર વચ્ચે અખિલેશે યુપી ઈલેક્શનની વૈતરણી પાર કરવાની છે અને કાનાફૂસી મુજબ તો અખિલેશભૈયાએ આ વૈતરણી લગભગ એકલે હાથે જ પાર પાડવાની છે. કાકા શિવપાલ ભલે ને ગમે એટલો દેખાવ કરે કે 'હમ અખિલેશ કે સાથ હૈ' પણ યુપીનું રાજકારણ અને ખાસ તો સમાજવાદી પાર્ટીના ડખ્ખા જાણનારાઓ છાતી ઠોકીને કહી રહ્યા છે કે આ વખતે સમાજવાદી પાર્ટીને ફટકો નક્કી છે. એક બાજુ માયાવતી એની વોટબેંક સ્ટ્રોંગ કરી રહી છે અને બીજી બાજુ સંસદના પરિણામોને હજુ બહુ વખત નથી થયો એના આધારે ભાજપ પણ એડીચોટીનું જોર લગાવી રહ્યો છે એવામાં અખીલેશનો બે કરોડનો રથ પહેલા જ દિવસે ૧૦ કિલોમીટર ચાલીને બગડી ગયો - બિલકુલ એ જ રીતે ખરેખર અમુક અંશે સારું કામ કર્યું હોવા છતાં અને બીજાના મુકાબલે સાફ છબી ધરાવતો અખિલેશ યુપીનો આ ચક્રવ્યૂહ ભેદી શકશે કે કેમ એના પર પુરા ડાઉટ હે બબુઆ...! અને ઈનકેસ માનો કે અખિલેશ આ ચક્રવ્યૂહ ભેદી પણ જાય તો પણ કાકા – બાપા અને અમરસિંહ જેવા 'આઉટસાઈડર' અખિલેશને શાંતિથી રાજ નહિ જ કરવા દે એ નક્કી છે...! ઓવરઓલ 'ચત ભી મેરી બત્ઠ ભી મેરી' ની રાહમાં રહેલા શિવપાલ અને અમરસિંહ ભગવાન શ્રી રામના આ પ્રદેશમાં 'યાદવાસ્થળી' કરાવશે જ.....!

ગોળીઓ વછૂટી પણ છે અને એ પણ પોલીસની બંદુકમાંથી જ પણ વિવાદ જરા જુદો ઉભો થઈ ગયો. વાત છે એમપી ની કે જ્યાં નિર્દોષ હવાલદારનું ખૂન કરીને જેલ તોડીને ભાગેલા આતંકવાદી સંગઠન સિમીના આઠ લોકો પોલીસ સાથેના એનકાઉન્ટરમાં માર્યા ગયા. બધા જ કેદીઓ હતા અને અન્ડર ટ્રાયલ. કાયદો કાયદાનું કામ કરે એ પહેલા વહેલી સવારે ભોપાલ જેલની બેરેકો તોડીને ભાગેલા આ આઠે આઠ કેદીઓને પોલીસે જે પ્રકારે મોતને હવાલે કર્યા છે એના પર વિપક્ષોએ સવાલ ઉઠાવ્યા છે. આઈએસઓ પ્રમાણિત ચુસ્ત સુરક્ષા વ્યવસ્થાવાળી ભોપાલ સેન્ટ્રલ જેલમાંથી એકીસાથે ભાગી છૂટવું, જેલમાં સીસીટીવી કેમેરા બંધ હોવા, ભાગવાના આઠ કલાક વીતવા છતાં જેલની આસપાસના વિસ્તારમાં જ મુઠભેડ થવી વગેરે વગેરે મુદ્દાઓ શંકા ઉપજાવે એવા છે જ જો કે સામે પક્ષે હવાલદાર નું ખૂન, બીજા સંત્રીને ઈજાગ્રસ્ત કરવો, ડુપ્લીકેટ ચાવીઓ જેવા મુદ્દાઓ પણ સરકારે રજુ કર્યા છે. સી, આમ તો કોઈ પણ એનકાઉન્ટર થાય એટલે સમાજ બે ભાગમાં વહેચાય જાય જ છે જેમાં એક ભાગ બરાબર છે, આમ જ થવું જોઈએ અને બીજો ભાગ કાયદા અને લોકશાહીની દુહાઈ આપીને આરોપીને મારવાનો પોલીસને અધિકાર નથી એવો મત રજુ કરતો હોય જ છે અને ગુજરાતને આ બંને વિભાગોનો સારો અનુભવ પણ છે જ પરંતુ ભોપાલમાં થયેલા એનકાઉન્ટર અને એની બહાર આવેલી ઓડિયો કે વિડીયો કલીપ પરથી એવું લાગે છે કે દાળમાં કૈક કાળું છે જ. હવે શિવરાજ સરકાર માટે પડકાર છે એ સાબિત કરી બતાવવાનો કે

**અનુસંધાન પાના નં. ૭ પર**